જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૬/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૦૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૪,૬૬,૮૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૮૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ તથા (૨)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૮૫/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના વાહન ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૬૦૬/૨૦૨૨ તા.૨૦/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે તા.૨૦/૦૬/૨૦૨૨ ના કલાકઃ૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામ:-

વિશાલ જીતેન્દ્રકુમાર નેભાણી ઉ.વ.૧૯ રહે.એમ/૮,શોધનનગર સોસા. ભાર્ગવ સોસા. રોડ સામે બંગલા એરીયા મેઘાણીનગર અ'વાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. શ્રી એ.આર.અસારી** તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩ તથા અ.પો.કો. લાલાભાઇ દેવાભાઇ બ.નં.૭૫૫૫



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૨૨૭ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટ:-** **સમાચાર યાદી નં.૧૧૦૬/૨૦૨૨**

**એલીસબ્રીજઃ** ધર્મેન્દ્રભાઇ માણેકલાલ પટેલ (ઉ.વ.૩૧)(રહે.સ્વામિનારાયણ વાસ ઉમીયા ચોક ગામ-સઇજ તા.કલોલ જી.ગાંધીનગર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે એલીસબ્રીજ માદલપુર એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે પ્રભાત પ્રોવિઝન સ્ટોર સામેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ પુરૂષે ધર્મેન્દ્રભાઈ પટેલ સાથે બોલા ચાલી કરી હતી. ત્યારબાદ એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ભેગા મળી ધર્મેન્દ્રભાઇની એકટીવાની ડેકીનું લોક તોડી, ડેકીમાંથી કપડાની થેલી લુંટ કરી નાસી ગયા હતા. જે થેલીમાં રોકડ રૂપિયા ૧૨,૯૪,૩૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પટેલ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૧૦૭/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** જયંતીલાલ પન્નાલાલ મોદી (ઉ.વ.૩૩)(રહે.હરિકૃપા એપાર્ટમેન્ટ સરગમ પાર્ક પાસે કૃષ્ણનગર નરોડા) તા.૧૯/૦૬/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર પ્રિયા સિનેમા સામે "જય આનંદ" સોસાયટી મકાન નંબર-૬ ખાતે લાઇટ ફિટિંગનું કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન સાંજના ૬/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારુતિરાવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૮/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ (૧)** ગરવીશ રમણભાઈ પંચાલ (ઉ.વ.૨૭)(રહે.શિવશક્તિનગર સોસાયટી શ્યામલ પાર્કની બાજુમાં નિકોલ-નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારુતિરાવ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૨)** નીતાબહેન વા/ઓ અશ્વિનભાઈ અસલાલીયા (ઉ.વ.૩૯)(રહે.વૃંદાવન સોસાયટી રતનબા સ્કુલ સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી ગોળીઓ ગળી લીધી હતી. સારવાર માટે તેમને શિવાલીક મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેસંગભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી